



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૧૬ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ નોમ, સોમવાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


### મે મહિનાની ચાર દિવસની લડાઇ પછી પાકિસ્તાને પ્રથમ વખત કબૂલાત કરી

# ભારતે નૂરખાન એરબેઝ પર હુમલો કર્યો હોવાની છેવટે પાક.ની કબૂલાત




**ગુજરાતમિત્ર**

**આજના અંક સાથે વિદાય લેતા વર્ષ 2025ની મહત્વની આંતરરાષ્ટ્રીય ઘટનાઓ, વર્ષારંભે યોજાયેલ મહાકુંભની મીઠી યાદો અને સાથે મનોરંજન-બોલીવૂડ અને હોલીવૂડની મહત્વની ઘટનાઓ-ફિલ્મો અંગે એક વિશેષ પૂર્તિ**

**રિવાઇન્ડ2025**

**આપવામાં આવી છે. બિઝનેસ જગતની વર્ષ 2025ની મહત્વની ઘટનાઓ આજના મુખ્ય અંકમાં સામેલ છે.**

**પાકિસ્તાનના** નાયબ વડાપ્રધાન ઇશાક ડારે કહ્યું કે ભારતે આ એરબેઝ પર હુમલો કરતા કેટલાક સૈનિકો ઘાયલ થયા હતા

**યુદ્ધ** વિરામ કરવાની ભલામણ અમેરિકાના વિદેશ મંત્રી અને સાઉદી અરેબિયાના વિદેશ મંત્રીએ કરી હોવાનો દાવો



**લાહોર, તા. 28:** પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક ડારે સ્વીકાર્યું છે કે ભારતે 10 મેના રોજ વહેલી સવારે તેના નૂર ખાન એરબેઝ પર હુમલો કર્યો હતો, જે બંને દેશો વચ્ચેના ચાર દિવસના સશસ્ત્ર સંઘર્ષના આઠ મહિના પછી કોઈ પાકિસ્તાની નેતાએ કદાચ પહેલી વાર સ્વીકાર્યું છે.

ડારે એમ પણ કહ્યું હતું કે ઈસ્લામાબાદે મેના સંઘર્ષ દરમિયાન પાકિસ્તાન અને ભારત વચ્ચે મધ્યસ્થી કરવાની વિનંતી કરી ન હતી, પરંતુ દાવો કર્યો હતો કે અમેરિકી સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને સાઉદી વિદેશ પ્રધાન પ્રિન્સ ફૈઝલ બિન ફરહાને પાકિસ્તાન નવી દિલ્હી સાથે વાત કરે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. ભારતે 7 મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંના આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું, જે પહેલગામ હુમલામાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા. આ હુમલાઓથી બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી તીવ્ર અથડામણ ચાલી હતી અને 10 મેના રોજ લશ્કરી કાર્યવાહી બંધ કરવાની સમજૂતી થઈ.


"ભારત દ્વારા મોકલવામાં આવેલા 80 ડ્રોનમાંથી 79 ડ્રોનને 36 કલાકની અંદર અટકાવવામાં આવ્યા. એક ડ્રોન એરબેઝ પર પડતા તેને નુકસાન થયું અને કેટલાક સૈનિકો ઘાયલ થયા એમ તેમણે કહ્યું હતું. ભારતે નૂર ખાન એરબેઝ પર હુમલો કરવાની ભૂલ કરી, જેના કારણે પાકિસ્તાને બદલો લેવાની કાર્યવાહી શરૂ કરી," એમ ડાર, જેઓ વિદેશ પ્રધાન પણ છે, તેમણે કહ્યું હતું. ડારે જણાવ્યું કે 10 મેના રોજ, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ રુબિયોએ તેમને સવારે 8.17 વાગ્યે ફોન કર્યો હતો, જેમાં તેમણે

...અનુસંધાન પાના 2 પર

## લડાઈ દરમિયાન મને બંકરમાં જવાની વિનંતી કરાઈ હતી: પાકિસ્તાન પ્રમુખ

**લડાઇ** શરૂ થતા પોતાના લશ્કરી સચિવે બંકરમાં જતા રહેવાની સલાહ આપી હોવાનું ઝરદારીએ જણાવ્યું

**જો કે** પોતે આ વિનંતી નકારી કાઢી હોવાનો આસિફ ઝરદારીનો દાવો



**ઇસ્લામાબાદ, તા. 28.** ૨૨ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાન સામે લશ્કરી બદલો લીધો હતો, જેનાથી પાકિસ્તાની નેતૃત્વના ઉચ્ચ સ્તરે ચિંતા ફેલાઈ ગઈ હતી. રાષ્ટ્રપતિ આસિફ ઝરદારીએ ખુલાસો કર્યો હતો કે, મે મહિનામાં તણાવ દરમિયાન તેમને બંકરમાં આશ્રય લેવાની સલાહ આપવામાં આવી હતી.

શનિવારે એક જાહેર કાર્યક્રમમાં બોલતાં ઝરદારીએ કહ્યું હતું કે, તેમના લશ્કરી સચિવે તેમને ચેતવણી આપી હતી કે, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૬ નાગરિકોનાં મોતના જવાબમાં શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય દળોએ ચોકસાઈભર્યા હુમલા કર્યા હતા, જેના કારણે યુદ્ધ શરૂ થઈ ગયું છે.

ઝરદારીએ કહ્યું, ''મારા લશ્કરી સચિવ મારી પાસે આવ્યા અને કહ્યું, 'સાહેબ, યુદ્ધ શરૂ થઈ ગયું છે. ચાલો બંકરોમાં ચાલ્યા જઈએ.'' ઝરદારીએ ઉમેર્યું કે તેમણે આ સલાહ માનવાનો ઇનકાર કર્યો હતો.

ભારતે ૭ મેના રોજ વહેલી સવારે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળની જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓને નિશાન બનાવાઈ હતી. અધિકારીઓએ આ હુમલાઓને ચોક્કસ અને મર્યાદિત ગણાવ્યા, જેનો હેતુ આતંકવાદી માળખાને નષ્ટ કરવાનો અને વધુ હુમલાઓને રોકવાનો હતો.

આ કાર્યવાહીથી તણાવમાં તીવ્ર વધારો થયો હતો, પાકિસ્તાન સરહદ પારથી ગોળીબાર કરી રહ્યું હતું અને ભારત નિયંત્રણ રેખા પર જવાબી કાર્યવાહી કરી રહ્યું હતું. પરિસ્થિતિએ બંને દેશો

...અનુસંધાન પાના 2 પર

## નવું વર્ષ અને પ્રજાસત્તાક દિવસ પહેલાં દિલ્હીમાં ગોઠવાતી કડક સુરક્ષા વ્યવસ્થા

**સમગ્ર** દિલ્હીમાં સુરક્ષા વધારી દેવાઇ, સંવેદનશીલ વિસ્તારો પર કડક નજર રખાય છે

**બંને** પર્વો પર ડ્રોન સર્વેલન્સ સહિત કડક જાપ્તો રખાશે

**લાલ** કિલ્લા વિસ્ફોટ પછી રાષ્ટ્રીય રાજધાનીમાં ભારે સતર્કતા



**નવી દિલ્હી, તા. 28 :**નવા વર્ષની ઉજવણી અને પ્રજાસત્તાક દિવસ પહેલાં રાષ્ટ્રીય રાજધાનીના સંવેદનશીલ વિસ્તારોમાં શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવા માટે મોટા પાયે ચકાસણી અભિયાન ચાલી રહ્યું છે, જેમાં દિલ્હી પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે સંકલન બેઠકો યોજી રહી છે. એમ એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, નાગરિક એજન્સીઓની મદદથી પોલીસ એવા સીસીટીવી કેમેરા સ્થાપિત કરી રહી છે અને તેનું નિરીક્ષણ કરી રહી છે જે વિસ્તારો સુરક્ષા માટે જોખમી માનવામાં આવે છે, ત્યાં સીસીટીવી કેમેરા ચોવીસ કલાક ફૂટેજ રેકોર્ડ કરે છે.અધિકારીએ જણાવ્યું હતું કે, સમગ્ર દિલ્હીમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ પણ વધારી

...અનુસંધાન પાના 2 પર

### સંગઠનને મજબૂત બનાવવું જોઈએ

## RSSની પ્રશંસાના વિવાદ વચ્ચે શશિ થરૂરે દિગ્વિજય સિંહને સમર્થન આપ્યું

**જો કે** દિગ્વિજય સિંહે વિવાદી નિવેદન પછી કહ્યું કે હું કોંગ્રેસને વફાદાર, પક્ષમાં કોઇ મતભેદ નથી

નવી દિલ્હી, તા. 28. કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે આરએસએસ અને બીજેપીની સંગઠનાત્મક શક્તિની પ્રશંસા કરતી તાજેતરની ટિપ્પણીઓ પર થયેલા વિવાદ વચ્ચે વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહને સમર્થન આપતા પાર્ટી સંગઠનને મજબૂત બનાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

કોંગ્રેસના 140મા સ્થાપના દિવસ નિમિત્તે દિગ્વિજય સિંહ સાથેની તેમની વાતચીત અંગેના પ્રશ્નોના જવાબમાં થરૂરે કહ્યું, ''અમે મિત્રો છીએ અને વાતચીત થવી સ્વાભાવિક છે. સંગઠનને મજબૂત બનાવવું જોઈએ - તેમાં કોઈ શંકા નથી.''

આ દિવસને પાર્ટી માટે મહત્ત્વપૂર્ણ ગણાવતાં થરૂરે ઉમેર્યું હતું કે, ''આ પાર્ટી માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ દિવસ છે. આ એક એવો દિવસ છે જ્યારે આપણે આપણા નોંધપાત્ર ઈતિહાસ અને કોંગ્રેસના યોગદાનને યાદ કરીએ છીએ.''

રાજ્યસભાના સાંસદ દિગ્વિજય સિંહે 1990ના દાયકાની પીએમ નરેન્દ્ર મોદીની એક ભૂતકાળની તસવીર શેર કર્યાના એક દિવસ પછી આ ટિપ્પણીઓ આવી છે. આ પોસ્ટમાં સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના વૈચારિક પિતૃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સંગઠનાત્મક શક્તિની પ્રશંસા કરી હતી. ઘણા લોકોએ આ પોસ્ટને કોંગ્રેસ નેતૃત્વ માટે એક સ્પષ્ટ સંદેશ તરીકે અર્થઘટન કર્યું, ખાસ કરીને કારણ કે તે પાર્ટીની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા કોંગ્રેસ કાર્યકારી સમિતિ (સીડબ્લ્યુસી)ની

...અનુસંધાન પાના 2 પર

## રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ સબમરિન INS વાઘશીરમાં સવારી કરી



**કર્ણાટકના** કારવાર નૌકાદળ મથકેથી સબમરીનમાં નૌકાદળનો ગણવેશ ધારણ કરીને સવાર થયા, બે કલાક સુધી પ્રવાસ કર્યો, ડો. કલામ પછી સબમરીનમાં પ્રવાસ કરનાર બીજા રાષ્ટ્રપતિ બન્યા

**નવી દિલ્હી, તા. 28:** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રવિવારે પશ્ચિમી સમુદ્ર કિનારે ભારતીય નૌકાદળની ફ્રન્ટલાઈન સબમરીન આઈએનએસ વાઘશીરમાં યાત્રા કરી હતી. મુર્મુ સબમરીનની યાત્રા કરનાર બીજા રાષ્ટ્રપતિ બન્યા. ફેબ્રુઆરી, 2006માં એપીજે અબ્દુલ કલામ સબમરીનની યાત્રા કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા. કર્ણાટકના કારવાર નૌકાદળ મથકથી કલવરી ક્લાસ સબમરીનમાં

...અનુસંધાન પાના 2 પર

## હાદીના બે હત્યારા મેઘાલય સરહદથી ભારતમાં પ્રવેશ્યા છે: ઢાકા પોલીસ

**જો કે** મેઘાલય પોલીસ અને બીએસએફે ઢાકા પોલીસના દાવાને ફગાવ્યો



**ઢાકા, તા. 28.** અહેવાલ મુજબ, ઢાકા મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશી રાજકીય કાર્યકર ઉસ્માન હાદીની હત્યાના બે મુખ્ય શંકાસ્પદો હત્યા પછી મેઘાલય સરહદ દ્વારા ભારત ભાગી ગયા હતા. ડીએમપી મીડિયા સેન્ટર ખાતે એક પ્રેસ બ્રીફિંગને સંબોધતાં એડિશનલ કમિશનર એસએન નઝરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે, શંકાસ્પદો ફૈઝલ કરીમ મસુદ અને આલમગીર શેખ સ્થાનિક સહયોગીઓની મદદથી મૈમનસિંઘની હલુઆઘાટ સરહદ દ્વારા ભારત ભાગી ગયા હતા.

નઝરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે, ''અમારી માહિતી અનુસાર, શંકાસ્પદો હલુઆઘાટ સરહદ દ્વારા ભારતમાં ઘૂસ્યા હતા. બોર્ડર ક્રોસ કર્યા પછી શરૂઆતમાં પૂર્તિ નામની એક વ્યક્તિએ તેમને રિસીવ કર્યા હતા. બાદમાં સામી નામના ટેક્સી-ડ્રાઈવરે તેમને મેઘાલયના તુરા શહેરમાં પહોંચાડ્યા હતા.''

નઝરુલ ઈસ્લામે કહ્યું હતું કે, પોલીસને અનૌપચારિક અહેવાલો મળ્યા છે જે સૂચવે છે કે, શંકાસ્પદોને મદદ કરનારી બે વ્યક્તિઓને ભારતીય અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા છે.

નઝરુલે કહ્યું, ''અમે તેમની ધરપકડ અને પ્રત્યાર્પણ સુનિશ્ચિત કરવા માટે

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૦-૦૦-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૨૬.૦° સે. | ૪૬% |

## ઇસરો શ્રીહરિકોટામાં ત્રીજુ લોન્ચ પેડ શરૂ કરશે

**ચેન્નાઇથી** ૧૩૫ કિમી દૂર આવેલા શ્રીહરિકોટા સંકુલમાંથી અનેક મહત્વના અવકાશ મિશનો હાથ ધરાઇ ચુકાયા છે

**તેમાં** નવા લોન્ચ પેડ માટે યોગ્ય સ્પોન્સરો શોધવાની પ્રક્રિયા ચાલી રહી છે



**ચેન્નાઈ, તા. 28 (PTI).** એક ટોચના વૈજ્ઞાનિકે જણાવ્યું હતું કે, ઇસરો શ્રીહરિકોટાના અવકાશ મથક પર ત્રીજું લોન્ચ પેડ વિકસાવવાની પ્રક્રિયામાં છે અને હાલમાં તેના માટે યોગ્ય વિક્રેતાઓ શોધી રહ્યું છે. શ્રીહરિકોટા સંકુલ, જે 175 ચોરસ કિમીના વિસ્તારમાં ફેલાયેલું છે, ચેન્નાઈથી લગભગ 135 કિમી પૂર્વમાં સ્થિત

...અનુસંધાન પાના 2 પર

## ભ્રષ્ટાચારના આરોપસર ચીનના ત્રણ ઉચ્ચ લશ્કરી અધિકારીઓને હાંકી કાઢવામાં આવ્યા

**આ ત્રણેય** શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇનાની ટોચની નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ કમિટીના પૂર્ણ સભ્યો છે

**બેઈજિંગ, તા. 28 (PTI).** ચીનની સંસદે ભ્રષ્ટાચાર સામેના તાજેતરના કડક કાર્યવાહીમાં ત્રણ ઉચ્ચ કક્ષાના લશ્કરી અધિકારીઓને હાંકી કાઢ્યા છે.

નેશનલ પીપલ્સ કોંગ્રેસની સ્થાયી સમિતિએ શનિવારે સેન્ટ્રલ મિલિટરી કમિશન (સીએમસી)ની રાજકીય અને કાનૂની બાબતોની સમિતિના વડા વાંગ રેનહુઆ; પીપલ્સ આર્મ્ડ પોલીસ (પીએપી)ના રાજકીય કમિશનર ઝાંગ હોંગબિંગ અને સીએમસીના તાલીમ વિભાગના ડિરેક્ટર વાંગ પેંગને હાંકી કાઢ્યા હતા.

હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે રવિવારે જણાવ્યું હતું કે, આ ત્રણેય શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાની ટોચની નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ કમિટીના પૂર્ણ સભ્યો છે.

આ જાહેરાત સેનાપતિઓના ભાવિ વિશેની અટકળોની પુષ્ટિ કરે છે.

પોસ્ટના અહેવાલ મુજબ, આ લોકો તાજેતરના મહિનાઓમાં મુખ્ય

...અનુસંધાન પાના 2 પર